આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-16-07-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ – વાયરસ

રાજ્યમાં ચાંદીપુરમ વાઇરસના વધતા કેસોને પગલે રાજ્ય સરકારે ત્વરિત કાર્યવાહી શરૂ કરી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે એક નિવેદનમા જણાવ્યું કે ચાંદીપુરમ વાઇરસ એટલે કે એન્કેફેલાઇટીસ રોગના કેસો ઝડપથી વધી રહ્યા છે. ચાંદીપુરમના 6 શંકાસ્પદ દર્દીઓના મોત થયા હોવાનું આરોગ્યમંત્રીએ જણાવ્યું.

RNU અમદાવાદ

---

## નેશનલ કક્ષાની રમત ગમત સ્પર્ધા વિજેતાઓને સન્માન

ગાંધીનગર ખાતે શ્રમ - રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે ગઈકાલે વિશ્વ યુવા કૌશલ્ય દિવસ નિમિત્તે વિવિધ નેશનલ કક્ષાની સ્પર્ધાઓના વિજેતાઓને ચંદ્રક, ચેક અને પ્રમાણપ્રત્ર આપી સન્માનિત કરાયા. રાજ્ય કક્ષાના 23 વિજેતા ઉમેદવારોને મંત્રીશ્રીના હસ્તે ચેક અને પ્રમાણપત્ર તથા 12 નેશનલ કક્ષાનાં વિજેતાઓને ચંદ્રક અને પ્રમાણપ્રત્ર વિતરણ કરવામાં આવ્યા.

RNU અમદાવાદ

---

## અદાણી – જી.કે. જનરલ - શીશુરોગ કોન્ફરન્સ

જિલ્લાની ભુજ જી.કે. જનરલ અદાણી હોસ્પિટલ ગેઈમ્સ અંતર્ગત બાળરોગ વિભાગ દ્વારા નવજાત શીશુમાં જોવા મળતો ચેપ સામે રક્ષણ આપવા માટે આયોજીત રાજ્ય સ્તરની કોન્ફરન્સમાં બાળરોગ તજજ્ઞોએ માર્ગદર્શન આપ્યું અને

જણાવ્યું હતું કે, નવજાતને ચેપથી સુરક્ષા આપવા માતા સાથે રાખવું જરૂરી છે. તેમજ માતાની શારીરિક સ્વચ્છતા તરફ વિશેષ ધ્યાન રાખવા તજજ્ઞો દ્વારા જણાવાયું હતું.

**આરતી ભટ્ટ/N.P**

---

## અમ્પાયર પરીક્ષા- જિલ્લાના 3 પાસ

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા લેવાયેલી રાજ્યની પેનલના અમ્પાયાર માટેની પરીક્ષામાં કચ્છની બે યુવતી અકિત ત્રણ વ્યક્તિ પાસ થયા છે. જિલ્લામાંથી રાજ્યકક્ષાની પેનલના અમ્પાયરની પરીક્ષામાંથી કોઈ પાસ થયું છે અને પ્રથમવાર બે મહિલા ખેલાડી અમ્પાયરની લેખિત પરીક્ષા પાસ કરી છે. હવે આ ત્રણ જણની પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવશે. એમ સુત્રો દ્વારા માહિતી અપાઈ હતી.

**આરતી ભટ્ટ/N.P**

---

## જિલ્લાકક્ષા યોગાસન સ્પર્ધા

કચ્છ જિલ્લા યોગાસન સ્પોટર્સ એસોસિએશન દ્વારા આગામી ચાર ઓગસ્ટના રોજ જિલ્લા કક્ષાની યોગાસન રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત યોગાસન સ્પોર્ટસ એસોસિએશનના સયુકત ઉપક્રમે યોદાસનની સ્પર્ધાના આયોજન અંગે બેઠક યોદાઈ હતી. આ સ્પર્ધાનું આયોજન આદિપુર ખાતે કરવામાં આવ્યું છે. જેમાં 10થી 55 વર્ષની વય સુધીના લોકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક લોકોએ 31મી જુલાઈ સુધીમાં નામ નોંધણી લેવાના રહેશે એમ એક યાદીમાં જણાવાયું છે.

**આરતી ભટ્ટ/N.P**

---

## હવામાન વિભાગ- વરસાદ

હવામાન વિભાગ દ્વારા **21**મી જુલાઈ સુધી રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે વરસાદની સાથે ભારે પવન ફૂંકાવાની શક્યતાને પગલે બે દિવસ માટે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. ગઈકાલે કચ્છમાં એકથી બે ઈંચ વરસાદ વરસ્યો હતો. દિવસ ભર અસહ્ય ઉકળાટ અને ગરમી વચ્ચે સાંજે વરસાદ વરસ્યો હતો. જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. સરકારી આંકડા પ્રમાણે અંજારમાં **2** ઈંચ, ભુજમાં દોઢ ઈંચ, ગાંધીધામ અને મુંદરામાં એક ઈંચ, જયારે નખત્રાણા અને માંડવીમાં અડધો ઈંચ, તો રાપર અને અબડાસામાં વરસાદી ઝાપટા વરસ્યા હતા. વરસાદના કારણે માર્ગો પરથી પાણી વહી નિકળ્યા હતા.

આરતી ભટ્ટ/N.P

---

## લાખણિયા- વીજળી – ઘેટા-બકરાના મોત

અબડાસા તાલુકામાં સોમવારે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. દરમિયાન તાલુકાના લાખણિયામાં આકાશી વીજળી પડી હતી. જેમાં માલધારીના **20** ઘેટા બકરાના મોત થયા હતા. ઘેટા બકરાના મોત થતા માલધારી પર આફત આવી પડી હતી.

આરતી ભટ્ટ/N.P

---

## વનવિભાગ- ગેરકાયદેસર વૃક્ષછેદન - કાર્યવાહી

કચ્છ પૂર્વ વન વિભાગના મદદનીશ વન સરક્ષકના જણાવ્યા અનુસાર ભચાઉ, અંજાર, મુંદરા રેન્જ દ્વારા છેલ્લા છ મહિનામાં ભારતીય વન અધિનિયમ હેઠળ લીમડા, વડ, પીપળા, આંબા, આંબલી જેવા મીઠા ઝાડોને લાકડાના ગેરકાયદેસર ઉપયોગ માટે કાપવામાં આવ્યા હોવાના અહેવાલ અનુસાર અંદાજે 14 ગુના

નોંધાયા છે. અને ગેરકાયદેસર લાકડાના વહનમાં ઉપયોગી ટ્રક, ટ્રેકટરો સહિતના વાગનો જપ્ત કરવામાં આવ્યા છે. તે મુજબ કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવી હતી.

**આરતી ભટ્ટ/N.P**

---------------------------------------------------------------------------

## જિલ્લા આરોગ્ય વિભાગ – દવા છંટકાવ

જિલ્લામાં મચ્છર અને પાણીજન્ય રોગચાળો થતો અટકાવવા માટે આરોગ્ય વિભાગની ટીમો દ્વારા ગાંધીધામ તાલુકાના અલગ અલગ વિસ્તારોમાં દવા છંટકાવ વગેરે સહિતની કામગીરી કરવામાં આવી હતી. તેમજ વરસાદી ગંદા પાણીનો નિકાલ કરી ઘર અને રહેણાંક વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા માર્ગદર્શન અપાયું હતું.

**આરતી ભટ્ટ/N.P**

---------------------------------------------------------------------------

RNUBHUJ